# Day to Day Current Affairs

01 April -2015

૧) **1 એપ્રિલ :** GMAIL નો સ્થાપના દિન(2004). 2015-16 ના નાણાકિય વર્ષનો પ્રથમ દિવસ.

૨) **વર્લ્ડકપ બાદ ICC દ્વારા વને ડે રેન્કિંગ જાહેર :** વન ડે ના વર્લ્ડ રેન્કિંગમાં બેટ્સમેનોમાં ટોચનો ક્રમ સાઉથ આફ્રિકાના કેપ્ટન એ.બી.ડી વિલિયર્સને આપવામાં આવ્યો છે. ટોપ ટેનમાં ભારતીય ક્રિકેટર (4) વિરાટ કોહલી (6) શિખર ધવન (8) મહેન્દ્રસિંહ ધોની, જ્યારે બોલરોની યાદીમા એક પણ ભારતીય સામેલ નથી. વન ડે બોલર્સ રેંન્કિગમા પ્રથમ સ્થાન ઑસ્ટ્રેલિયા મિચેલ સ્ટાર્કને આપવામાં આવ્યું છે. વન ડે ઓલ રાઉન્ડરર્સ રેન્કિંગમાં શ્રીલંકાના દિલશનને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો જયારે ભારતનો એકમાત્ર રવિ  જાડેજા આઠમાં ક્રમ પર છે. ICC એ વન ડેની સાથે ટેસ્ટ અને ટી-20 રેન્કિંગ પણ જાહેર કર્યા હતાં. જેમાં ટેસ્ટ બેટ્સમેનોની યાદીમાં શ્રીલંકાનો સાંગાકારા પ્રથમ અને સાઉથ આફ્રિકાના ડી વિલિયર્સને બીજો ક્રમ આપવામાં આવ્યો હતો. જયારે બોલરોમાં આફ્રિકાનો ડેલ સ્ટેન અને ઑસ્ટ્રેલિયાનો રાયન હેરિસ અનુક્રમે પ્રથમ અને બીજા ક્રમ પર છે. ટ્વેન્ટિ-20 ના રેન્કિંગમાં ભારતનો વિરાટ કોહલી નંબર વન પર છે જયારે બોલરોની યાદીમાં વિન્ડિઝનો બદ્રી ટોચના ક્રમે છે.

3) **'નિકલાસ':** જર્મનીમાં સુસવાટા મારતા પવન સાથે ત્રાટકેલું ભયાનક વાવાઝોડું. 150 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો.

૪) **આસામના કલાકારે વિશ્વનું સૌથી મોટું પેઇન્ટ બ્રશ બનાવી રેકોર્ડ સર્જ્યો :** બામ્બુ અને લાકડાથી બાનાવેલ 28 ફુટ લામ્બુ બ્રશ બનાવી આસમના સુજીત દાસે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું.

www.vivekanandacademy.org